**રાજ્યની પ્રાથમિક તેમજ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નવું શૈક્ષણિક વર્ષ એપ્રિલ માસથી શરૂ કરવા બાબત.**

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંક -મશબ/૧૨૨૦/૮૭/છ

સચિવાલય, ગાંધીનગર.

તારીખ - ૦૪/૦૨/૨૦૨૦.

**પ્રસ્તાવના -**

ગુજરાત રાજ્યની તમામ પ્રાથમિક, માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કેટલાક સમયથી શૈક્ષણિક વર્ષ દરમિયાન પ્રથમ સત્ર તેમજ દ્વિતીય સત્રના દિવસોની સંખ્યામાં વધઘટ જોવા મળેલ છે. બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણ અધિકાર અધિનિયમ-૨૦૦૯ (RTE Act-2009)ની જોગવાઇઓને અનુલક્ષીને ધોરણ ૧ થી ૫માં ૨૦૦ દિવસ અને ધોરણ ૬ થી ૮માં ૨૨૦ દિવસોથી ઓછા ન હોય તેટલા દિવસોના શૈક્ષણિક કાર્યની જોગવાઇ કરવામાં આવેલ છે. ઉપરાંત ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો, ૧૯૭૪ (Gujarat Secondary Education Regulations, 1974)ની જોગવાઇઓને અનુલક્ષીને ધોરણ ૯ થી ૧૨ માટે શૈક્ષણિક વર્ષમાં ૨૪૦થી ઓછા ન હોય તેટલા દિવસોના શૈક્ષણિક કાર્યની જોગવાઇ કરવામાં આવેલ છે. ઉક્ત જોગવાઇઓને અનુરૂપ રહીને શૈક્ષણિક વર્ષના બંને સત્રના કાર્ય દિવસો એકંદરે સમાન રહે તેમજ પ્રત્યેક ધોરણની અધ્યયન નિષ્પત્તિઓ (Learning Outcomes) સુનિશ્ચિત કરવા માટે જોગવાઇ મુજબના દિવસો મળી રહે તે હેતુથી રાજ્યની પ્રાથમિક, માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક વર્ષ, શૈક્ષણિક કાર્યના દિવસો અને વેકેશનનો સમય નિયત કરવા અંગેની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

હાલ માર્ચ માસના અંતમાં અથવા એપ્રિલના પ્રથમ સપ્તાહમાં વર્ષાંત પરીક્ષા પૂર્ણ થયા પછી મે મહિનાના પ્રથમ સપ્તાહમાં ઉનાળું વેકેશન ચાલુ થતાં સુધી મહિના જેટલો સમય શાળા ચાલુ રહે છે. પણ વાર્ષિક પરીક્ષા પૂર્ણ થયા પછી અસરકારક શૈક્ષણિક કામ સામાન્ય રીતે થતું ન હોવાનું ધ્યાને આવેલ છે. CBSE સાથે સંલગ્ન શાળાઓમાં આ સમયનો મહત્તમ ઉપયોગ થાય તે હેતુથી એપ્રિલ મહિનામાં જ નવું શૈક્ષણિક વર્ષ શરૂ કરવામાં આવે છે અને અંદાજે ચાર અઠવાડિયા જેટલા સમયના શૈક્ષણિક કાર્ય પછી જ ઉનાળું વેકેશન શરૂ થાય છે. તે જ પદ્ધતિ રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓ અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર શિક્ષણ બોર્ડ સાથે સંલગ્ન તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પણ લાગુ કરવા માટે કેટલાક સમયથી શિક્ષણ વિભાગ દ્વારા વિચારણા હાથ ધરવામાં આવેલ હતી.

Scanned with CamScanner

તે બાબતે તમામ સંલગ્ન Stake holders એટલે શિક્ષક સંઘો, શાળા સંચાલક મંડળો અને શિક્ષણવિદ્દો સાથે વિગતવાર ચર્ચા પરામર્શ પછી રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવ** -

પુખ્ત વિચારણાના અંતે મુંબઇ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ – ૧૯૪૭ની કલમ-૫૪ અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ની કલમ-૪૮થી મળેલ સત્તાની રૂએ નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

(૧) આગામી શૈક્ષણિક વર્ષ એટલે કે વર્ષ ૨૦૨૦-૨૧ માટે નવું શૈક્ષણિક વર્ષ ૨૦ એપ્રિલ, ૨૦૨૦થી શરૂ થશે અને ઉનાળું વેકેશન ૦૪થી મે, ૨૦૨૦ થી ૦૭મી જૂન, ૨૦૨૦ સુધી યથાવત રાખવાનું રહેશે.

(૨) શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૦૨૨ અને ત્યારપછીના શૈક્ષણિક વર્ષોથી નવું શૈક્ષણિક સત્ર એપ્રિલ માસના પ્રથમ સપ્તાહથી શરૂ કરવાનું રહેશે અને ઉનાળું વેકેશન મે માસના પ્રથમ સપ્તાહથી શરૂ કરી જૂન માસના પ્રથમ સપ્તાહના અંત સુધી અર્થાત નિર્ધારિત કરવામાં આવેલ ૦૫ (પાંચ) સપ્તાહનું યથાવત રાખવાનું રહેશે. તે ધ્યાને રાખી અત્યારથી જ આવતા શૈક્ષણિક વર્ષની વર્ષાંત પરીક્ષા અને તે સંલગ્ન તમામ કામગીરી માર્ચ માસમાં જ પૂર્ણ કરવાની રહેશે.

(૩) શૈક્ષણિક વર્ષનું આયોજન એપ્રિલ થી ચાલુ કરી પછીના વર્ષમાં માર્ચ માસ સુધી રહે તે મુજબ કરવાનું રહેશે. જેમાં રાજ્ય સરકારશ્રી દ્વારા જાહેર કરાતી રજાઓ તેમજ વેકેશન (ઉનાળું અને દિવાળી)નો સમયગાળો હાલ જે રીતે નક્કી થાય છે તે જ મુજબ કરવાનો રહેશે.

(૪) ગુજરાત રાજ્ય શાળા પાઠ્ય પુસ્તક મંડળ, ગાંધીનગર દ્વારા એપ્રિલ મહિનામાં શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં જ વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકો મળી જાય તે પ્રમાણેનું આયોજન કરવાનું રહેશે.

(૫) શૈક્ષણિક કેલેન્ડર ગોઠવતી વખતે મુંબઇ પ્રાથમિક શિક્ષણ નિયમો, ૧૯૪૯ તથા ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો, ૧૯૭૪ની જોગવાઇઓ મુજબ શાળાઓમાં ઉનાળું અને દિવાળી વેકેશનના નિયત કરવામાં આવેલ દિવસોની સંખ્યા યથાવત રાખવાની રહેશે.

(૬) આ અંગેની વિગતવાર સૂચનાઓ પ્રાથમિક શાળાઓ માટે મુંબઇ પ્રાથમિક શિક્ષણ નિયમો, ૧૯૪૯ની જોગવાઇઓને ધ્યાનમાં રાખી નિયામક, પ્રાથમિક શિક્ષણની કચેરી, ગાંધીનગર દ્વારા તેમજ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે માધ્યમિક શિક્ષણ વિનિયમો, ૧૯૭૪ની જોગવાઇઓને ધ્યાનમાં રાખી ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ, ગાંધીનગર દ્વારા પરિપત્રિત કરવાની રહેશે.

Scanned with CamScanner

(૭) આ ઠરાવ રાજ્યની જિલ્લા પંચાયત/નગર પંચાયત/મહાનગર પાલિકા હસ્તકની પ્રાથમિક શાળાઓ, ગુજરાત સરકાર દ્વારા મંજૂરી મેળવીને સ્થાપવામાં આવેલ અનુદાનિત અને બિન અનુદાનિત પ્રાથમિક શાળાઓ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરમાં રજીસ્ટર્ડ થયેલ સરકારી તેમજ બિન સરકારી (અનુદાનિત અને બિન અનુદાનિત) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને એકસમાન રીતે લાગુ પડશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તારીખ ૨૦/૦૧/૨૦૨૦ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.એમ.મિસણ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્રથી)
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(પ્રા.શિ. અનેમા.શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો.
- અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર મારફત)
- સર્વે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ (નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી મારફત)
- શિક્ષણ વિભાગ હસ્તકના તમામ ખાતાના વડાઓ.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (આ ઠરાવ વિભાગની વેબસાઈટ ઉપર Upload કરવાની વિનંતી સહ.)
- શાખાસિલેક્ટફાઈલ.
- ના.સે.અ. સિલેક્ટફાઇલ.

Scanned with CamScanner